# ધાનેરા સાંકડ રોડ ઉપર બનેલ નવા પુલમાં પડ્યા મોટા ગાબડા

**તાજેતરમાં બનાવેલ ધાનેરા-થરાદ સ્ટેટ હાઇવેના પુલમાં પડ્યા મોટાં ગાબડાં**

ધાનેરા તા. ૨૭

સરકાર શ્રી દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટો પાસ થાય છે અને શહેર દેશના વિકાસમાં વપરાય છે પરંતુ કર્મચારી અને કોન્ટ્રાક્ટરની મિલીભગતથી કામ માં મોટો ભ્રષ્ટાચાર જોવા મળી રહ્યો છે.



ધાનેરા થી થરાદ સ્ટેટ હાઈવે પર આવેલ સાંકડ ગામ ની નજીક બનાવેલ પુલ હાલ કરોડોના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે જેને એક વર્ષ પણ થવા પામેલ નથી અને એક સામાન્ય ચોમાસું ગયા પછી બનાવેલ પુલ પર રોડ નાં અંદર મોટા પોપડા પડી ગયા છે અને પુલ ના નીચે પડી રયા છે તે જે બાબતની સ્ટેટ હાઈવેના અધિકારીને જાણ થતાં તેઓ તાકીદે રાતોરાત સમારકામ ચાલુ કરી ને ભ્રષ્ટાચાર ને છુપાવવાની કોશિશ કરી રહ્યા છે?



પરંતુ સ્થળની મુલાકાત લેતા દેખાઈ આવે છે કે આ રીપેરીંગ કામ વધારે સમય ટકી રહે તેમ લાગતું નથી અને ઓચિંતું આ રોડનું પોપડો નીચે પડશે ત્યારે મોટો અકસ્માત સર્જાશે તેવી સંભાવના જોવા મળી રહી છે આ પુલ બનાવ્યાં ને એક વર્ષ પણ થયુ નથી અને પુલ પર મોટા ગાબડાં પડી રહ્યાં છે તે નાની વાત નથી પરંતુ કોન્ટ્રાકટર અને અધિકારીઓ ને દેશ ના વિકાસ ની ચિંતા નથી ફક્ત પોતાનો વિકાસ માં રસ છે

આ બાબતે જિલ્લા કલેકટર સાહેબ શ્રી તપાસ કરી આવા કોન્ટ્રાક્ટર સામે યોગ્ય કાર્યવાહી કરે તેવી લોકોની માંગ છે.

# સાંપડ ખાતે ભારતીય જનતા પાર્ટીની જિલ્લા કોરોબારીની બેઠક યોજાઈ

**જિલ્લાના તમામે-તમામ હોદ્દેદારો તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા: સરકારની વિવિધ યોજનાઓ અને કામો વિષે વિસ્તૃત માર્ગદર્શન આપવામા આવ્યુ**





પ્રાંતિજ તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સાંપડ મુકામે સાબરકાંઠા જિલ્લા કારોબારીની બેઠક યોજાઈ.

પ્રાંતિજ તાલુકાના યાત્રાધામ સાંપડ ખાતે આવેલ મહાકાલી મંદિર સંકુલમાં સાબરકાંઠા જિલ્લા ભાજપની કારોબારી બેઠક મળી હતી જેમા જેમા જિલ્લા પ્રમુખ જે.ડી.પટેલ, મહામંત્રી વિજયભાઇ પંડયા, મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર, કૌશલ્યા કુંવરબા તેમજ જિલ્લાના પદાધિકારીઓ સંગઠન ના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા તો તમામ મહાનુભાવોનુ કેસરીખેસ તેમજ શાલ ઓઢાડી ને બુકેથી સ્વાગત કરવામા આવ્યુ હતુ તો ગુજરાત ફિલ્મ જગતના મશહૂર કલાકારો સ્વર્ગસ્થ મહેશ કનોડીયા અને નરેશ કનોડીયા ને પદ્મશ્રીનો ખિતાબ ગુજરાત સરકાર દ્વારા એનાયત કરવામા આવ્યો હતો પરતુ આ બન્ને મહાનુભાવો આજે હયાત નથી જેના કારણે તેમના સુપુત્ર હિતુ કનોડીયાનુ આ તબબકે વિશિષ્ટ સન્માન કરવામા આવ્યુ હતુ તો સરકારની વિવિધ યોજાયો સરકાર દ્વારા લીધેલ મહત્વના નિર્ણયો અંગે ની ચર્ચાઓ કરવામા આવી હતી તો જિલ્લા કારોબારીનું રંગે ચંગે સમાપન કરવામા આવ્યુ હતુ.

## જન્મદિને વધામણી



કિર્તીભાઇ ગિરિશભાઈ પટેલ
ડેમાઈ તા. બાયડ



હિત્વિક દિલીપભાઈ પટેલ
અંબિકા મંડપ ડેકોરેશન, બાયડ
વ્રજ ગાર્ડન સોસાયટી
બાયડ જી.અરવલ્લી



એડવોકેટ કથન
અતુલભાઈ પટેલ
શ્રીજી ચરણ સોસાયટી
બાયડ



કામેશ પટેલ
રડોદરા તા. બાયડ



શંભુ અશોકભાઈ પટેલ
આકરુંદ તા. ધનસુરા



ક્રિશીવ તુષારભાઈ ઉપાધ્યાય
જુનાઉટરડા તા.બાયડ

# પ્રાંતિજ ખાતે લગ્ન ટાણે જ બેંકોમાં ૧૦-૨૦ની નવી નોટોના બંડલ ના મળતા લોકોમાં રોષ

**પ્રાંતિજ ખાતે સ્ટેટ બેંકની મેન શાખા હોવા છતાંય ૧૦-૨૦ની ફેસ નોટો મળતી નથી : શુભ પ્રસંગો લીધેલ લોકો ફેસ નોટોના બંડલ લેવા આ બેંકથી પેલી બેંકમા ધક્કા ખાય છે**

પ્રાંતિજ તા.૨૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ અને તાલુકામા લગ્ન સહિત શુભ પ્રસંગો ની ફુલ સીઝન માજ બેંકો માથી ૧૦ અને ૨૦ ની ચલણી નોટો ના ફેસ બડલ ના મળતા ધરે પ્રસંગો લઇ ને બેઠેલ લોકો સહિત બેંક ગ્રાહકો મા રોષ જોવા મલી રહ્યો છે

હાલ જિલ્લા સહિત પ્રાંતિજ અને તાલુકામા લગ્ન ની સિઝન સહિત ના ધાર્મિક પ્રસંગોની સિઝન પણ ફુલ બહાર ખીલી છે અને આ શુભ પ્રસંગો મા મોટા ભાગે જરૂર પડતી ચલણી નોટો મા ૧૦,૨૦,૫૦,અને ૧૦૦ ની ફેસ નોટો ના બડલો મા ખાસ જરૂરીયાત ૧૦ અને ૨૦ ની ચલણી નોટો ના ફેસ બડલ બેંક માથી ના મળતા ધરે શુભ પ્રસંગો લીધેલ લોકો આ બેંક માથી બીજી બેંક મા ધરમ ના ધકકા ખાય રહ્યા છે તો પ્રાંતિજ ખાતે આવેલ સ્ટેટ બેંક શાખા મા પણ આ વર્ષે ૧૦ અને ૨૦ ની ચલણી નોટોના ફેસ બડલ ના મળતા બેંક ગ્રાહકો સહિત ધરે શુભ પ્રસંગો લીધેલ લોકો મા રોષ જોવા મળ્યો છે તો જવાબદાર તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે પ્રાંતિજ સહિત તાલુકામા આવેલ વિવિધ બેંકો મા કંકોત્રી બતાવી તાત્કાલિક ધોરણે બેંક ગ્રાહકો ને ૧૦ ની અને ૨૦ ની ચલણી નોટો ના બંડલ પુરા પાડવામા આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

## પોળોના જંગલમાં પ્લાસ્ટીક્સની તમામ વસ્તુઓ પર પ્રતિબંધ

બાયડ તા.૨૭

સાબરકાંઠાનુ કાશ્મિર ગણાતા પોળોના જંગલો તેના કુદરતી સૌદર્યના કારણે અને છેલ્લા ત્રણેક વર્ષથી ઉજવાતા પોળો ઉત્સવમાં સમગ્ર ગુજરાતથી અનેક લોકો આ જંગલની મુલાકાતે આવે છે. આ પ્રવાસીઓ પોતાની સાથે નાસ્તા અને અન્ય ચીજવસ્તુઓ લઈને આવે છે. તેમા મોટા ભાગે પ્લાસ્ટીક બેગનો ઉપયોગ થાય છે.પોળોના જંગલોમાં પ્લાસ્ટીકના ઉપયોગથી પર્યાવરણ તેમજ વન્ય પ્રાણીઓને થતુ નુકશાન અટકાવવા પ્લાસ્ટીકના વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ હુકમ તા. ૧ જાન્યુઆરી ૨૦૨૨ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનારને કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

## પોળોના જંગલમાં ટુ વ્હીલર સીવાયના ભારે વાહનો પર પ્રતિબંધ

બાયડ તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના પ્રવાસનધામ પોળો ફોરેસ્ટ ખાતે શારણેશ્વર મંદિર પાસે પ્રવાસીઓની સુવિધા વધારવા અને જંગલ વિસ્તારને પોલ્યુશન ફ્રી ઈકો ટુરીઝમ માટે ટુ વ્હીલર સિવાયના તમામ વાહનો ફોરેસ્ટ નાકાથી બહાર પાર્ક કરી મોટા અને ભારે વાહનો માટે પ્રવેશબંધીનું જાહેરનામું જિલ્લા સમાહર્તા દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. મોજે અભાપુર તા. વિજયનગરના રહીશશ્રી શિષ્ય ભરતગીરી ગુરુઆત્માનંદગીરીના ખાનગી માલિકીના બિનખેતી સ. નંબર ૬૬માં પાર્કિંગ સુવિધા આપવા સંમત હોવાનું જણાવ્યું છે. પોળો વિસ્તારના શરણેશ્વર મંદિર ના ફોરેસ્ટ નાકાથી વણજ ડેમ અને વણજ ડેમ થી વિજયનગર તરફ જતા પ્રથમ ત્રણ રસ્તા સુધીના રોડ ઉપર ચાર પૈડા અને તેથી ભારે વાહનો પર પ્રતિબંધ મુકવા માં આવ્યો છે. આ જાહેરનામું આગામી તા. ૧૨ માર્ચ ૨૦૨૧ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતા કલમ ૧૮૮ હેઠળ દંડને પાત્ર થશે.

# શ્રી સરસ્વતી વિદ્યાલય રમાસ હાઈસ્કુલ ૨૯માં નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસમાં જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે

બાયડ તા.૨૭

બાયડ તાલુકાની શ્રી સરસ્વતી વિદ્યાલય દર વર્ષની જેમ આ વર્ષે પણ national children science congress 2021માં સમગ્ર બાયડ તાલુકામાંથી એકમાત્ર માધ્યમિક શાળા તરીકે અરવલ્લી જિલ્લામાં શ્રેષ્ઠ પ્રોજેક્ટ તરીકે સ્થાન મેળવી આગામી ૩૦ મી નવેમ્બર અને ૧લી ડિસેમ્બરના રોજ સાયન્સ સીટી મુકામે યોજાનાર રાજ્ય કક્ષાની સ્પર્ધામાંએ ભાગ લેવા જઈ રહી છે....સદર પ્રોજેક્ટમાં શાળાની વિદ્યાર્થીની વાળંદ પ્રીતિ જીતેન્દ્રભાઈ તથા સોલંકી હેતલબેન સજ્જનસિંહ શાળાને રીપ્રેઝન્ટેટિવ કરી રહ્યા છે ...અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૯-૨૦માં પણ આ શાળાનો પ્રોજેક્ટ પહેલી જ વાર ભાગ લઈ સ્ટેટ કક્ષાએ ભાગ લઈને નેશનલ કક્ષાએ ગયો હતો આ વર્ષે પણ આશા રાખીએ કે શાળા નો પ્રોજેક્ટ ફરીથી સ્ટેટ લેવલે શ્રેષ્ઠ પ્રોજેક્ટ તરીકે સ્થાન પામી નેશનલ કક્ષાએ ભાગ લે. શાળાના વિદ્યાર્થીઓને અને શાળાને રાજ્ય કક્ષાએ લઈ જવા માટે શાળાના પ્રિન્સિપાલ અને વિજ્ઞાન શિક્ષક શ્રી ઉન્મેશ બી પટેલ ખૂબ જ મહેનત કરી રહ્યા છે તેમની મહેનતને શાળા પરિવાર તેમજ નવયુવક મંડળના ચેરમેન કે.આર.પટેલ, મંત્રી સુનીલ પટેલ, પૂર્વ પ્રિન્સીપાલ શ્રી પી. એમ. પટેલ તેમજ સૌ કારોબારી સભ્યોએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા



# રાજેન્દ્રનગર ગામના અને એલ.સી.બી. પી.એસ. આઈ.નાથાભાઈ દેસાઈનું દુઃખદ નિધન

બાયડ તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના રાજેન્દ્રનગર ગામના વતની અને બે માસ અગાઉ જ એ.એસ.આઈ.માંથી પી.એસ.આઈ.નું પ્રમોશન પ્રાપ્ત કરી સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે એલ.સી.બી. પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા નાથાભાઈ રણછોડભાઈ દેસાઈનું હૃદયરોગના હુમલાને કારણે સારવાર દરમિયાન અમદાવાદ ખાતે કરૂણ નિધન થતાં જિલ્લા પોલીસ બેડામાં ઘેરા શોકની કાલિમા પ્રસરી જવા પામી છે. સ્વ. નાથાભાઈના નશ્વરદેહને



રાજેન્દ્રનગર ગામે લવાતાં ગામમાં શોકનું મોજું ફરી વળ્યુ હતું. ત્રણ બહેનોના એકના એક ભાઈનું અકાળે અવસાન થતાં બહેનો અને પરિવારજનોના હૈયાફાટ રુદને સૌ કોઈની આંખો ભીંજવી હતી. સાબરકાંઠા જિલ્લા પોલીસ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપી નશ્વર દેહને અંતિમ સંસ્કાર માટે લઈ જવાતાં સગાં- સંબંધીઓ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. બે માસ અગાઉ જ પી.એસ.આઈ.નું પ્રમોશન પ્રાપ્ત થતાં પરિવારમાં ખુશીનો માહોલ સર્જાયો હતો પરંતુ આ ખુશીઓ ટૂંકા સમય ગાળામાં જ છીનવાઈ જતાં પરિવાર ઊંડા શોકમાં ગરકાવ થઈ જવા પામ્યો છે. ૫૪ વર્ષની ઉંમરે જ અકાળે અવસાન થતાં જિલ્લા પોલીસ સહિત સૌ કોઈએ દુઃખની લાગણી વ્યકત કરી સ્વ. નાથાભાઈને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

# અરવલ્લી જીલ્લાના કિશનગઢ બેઠકના મત વિસ્તારમાં ૪૫ લાખના ખર્ચે વિકાસ લક્ષી કામકાજનું ખાતમુહૂર્ત કરાયું



ભિલોડા,તા.૨૭

અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ હિંમતસિંહ ચૌહાણ દ્વારા કિશનગઢ જીલ્લા પંચાયત બેઠક મત વિસ્તારમાં રૂા. ૪૫ લાખ ના ખર્ચે વિકાસ લક્ષી કામકાજ અન્વયે વિકાસના કામકાજ સંદર્ભે મનરેગા યોજના હેઠળ ખાત મુહૂર્ત પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખના સુપુત્ર વીરભદ્રસિંહ એલ.ચૌહાણના વરદ્ હસ્તે કરાયું હતું.પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી.ટ્રાઈબલ વિસ્તારમાં આવેલ મુનાઈ-ધાંટી પંથકમાં ડીપ,વાઘેશ્વરી પંથકમાં ડીપ,પવિત્ર યાત્રાધામ હનુમાન કોટ તરફના રસ્તા પર ડીપ,મલાસા મહાકાળી મંદિર પાસે પ્રોટેકશન દિવાલ,મલાસા ગામમાં ડામોર ફળીયામાં પ્રોટેકશન દિવાલ,જેસિંગભાઈ પટેલના ખેતર પાસેથી બેડાસણ ગામ તરફ પ્રોટેકશન દિવાલ સહિત વિવિધ પ્રકારના વિકાસ લક્ષી કામકાજ નું ખાત મુહૂર્ત કરાયું છે.વાઘેશ્વરી કોટ હનુમાન મંદિર આદિવાસી સમાજનું પવિત્ર યાત્રાધામ છે ત્યાં વિકાસ લક્ષી કાર્યો જેવા કે બ્લોક,પ્રોટેકશન દિવાલનું ગ્રામજનોની ઉપસ્થિતિમાં નિરીક્ષણ કર્યું હતું.આદિવાસી સમાજના વિકાસ લક્ષી પ્રશ્નો સાંભળ્યા સત્વરે હલ કરવા સંદર્ભે બાંહેધરી આપી હતી.

# પ્રાંતિજ ખાતે કોંગ્રેસે રેલી કાઢી 'મોઘું તેલ, મોઘો ગેસ, મોઘું શિક્ષણ'ના વિવિધ પોસ્ટર સાથે સૂત્રોચ્ચાર કર્યો

**પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશનથી બજાર ચોક સુધી જન જાગરણ અભિયાન પદયાત્રા રેલી યોજાઈ: પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ સાયકલ ચલાવી વિરોધ કર્યો : પૂર્વ ધારાસભ્ય, તાલુકા પ્રમુખ સહિત પ્રાંતિજ તાલુકા શહેર કોંગ્રેસ સમિતિના કાર્યકરોએ આગેવાનો ઉપસ્થિત રહ્યા**



પ્રાંતિજ તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કોંગ્રેસ દ્વારા પ્રાંતિજ તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાની આગેવાની હેઠળ પેટ્રોલ-ડીઝલ સહિત ખાધ્ય ચીજ વસ્તુઓના ભાવ વધારાના વિરોધને લઈને જન જાગરણ અભિયાન અંતર્ગત પ્રાંતિજ બજાર વિસ્તારમાં રેલી યોજી સરકાર વિરૂધ્ધ સુત્રોચ્ચાર કર્યા હતા.

પ્રાંતિજ ખાતે કોંગ્રેસ તાલુકા અને શહેર સમિતિ દ્વારા જન જાગરણ અભિયાન અંતર્ગત પ્રાંતિજ બજાર વિસ્તારમાં ભવ્ય રેલીનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા મંદી, મોંઘવારી અને ભ્રષ્ટાચારને જન જાગરણ યાત્રાના માધ્યથી પ્રજાને માહિતગાર કરવા પદયાત્રા યોજી હતી જેમા પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન થી શરૂ થયેલ જન જાગરણ યાત્રા બજાર ચોક હનુમાન ચોક, સોનીવાડા નાકા, દેસાઈની પોળ, ગુજ્જરની પોળ, બજાર ચોક સુધી જઈને પાછી બજાર વિસ્તાર મા પરત થઈ ભાંખરીયા બસ સ્ટેશન પોહચી હતી તો કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ વધતા જતા પેટ્રોલ ડીઝલ અને ખાદ્ય ચીજ વસ્તુઓ ભાવ વધારા ને લઈને સાયકલ ચલાવીને અનોખો વિરોધ કર્યો હતો તો કોંગ્રેસ કાર્યકરો દ્વારા પદયાત્રા રેલીમા ભાજપ વિરોધી સૂત્રોચ્ચાર સાથે ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર વિરૂધ્ધ પણ મોંઘવારીને લઈને સુત્રોચ્ચાર કર્યા હતા અને મોંઘવારીને લઈ ને કોંગ્રેસ કાર્યકરો વિવિધ બેનરો પોસ્ટરો હાથમા લઈ મોટી સખ્યા મા જોડાયા હતા અને જન જાગરણ અભિયાન રેલી અંતર્ગત પેટ્રોલ ડીઝલ ગેસના, ખાદ્ય ચીજ તેલ, કઠોરના વધતા જતા ભાવો સામે વિરોધ દર્શાવી સૂત્રોચ્ચાર કરી વિરોધ નોંધાયો હતો તો આ પ્રસંગે પ્રાંતિજ-તલોદના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહબારૈયા, કોંગ્રેસ તાલુકા પ્રમુખ અમરીશ ભાઈપટેલ, રેખાબેન સોલંકી, અનિલભાઈ પટેલ, નૂતનભાઈ પરમાર, ઉમેશભાઈ પટેલ, સંજયભાઈ પટેલ, વિનય પટેલ સહિત કોંગ્રેસ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યા મા ઉપસ્થિત રહ્યા હતા